ગાંધીનગર સમાચાર

રાજ્ય કર્મચારી મહામંડળના હોદ્દેદારોને મુદ્દે વિવાદ

# રન ગાંધીનગર રનમાં છલકાયો ઉત્સાહ





## રન ગાંધીનગર રનમાં બે હજારથી વધુ દોડવીરો જોડાયા : શહેરના ઉપરાંત અન્ય પ્રદેશના દોડવીરો જોડાયા : ઠેર ઠેર એનર્જી ડ્રીંક્સના બુથ ઉભા કરાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર રનર્સ ગૃપ દ્વારા રન ગાંધીનગર રન હાફ મેરેથોન યોજાઈ હતી. સતત બીજા વર્ષે આયોજીત આ હાફ મેરેથોનમાં ૨૦૦૦થી પણ વધુ દોડવીરોએ દોડમાં ભાગ લીધો હતો. જેમાં ૬ વર્ષની બાળકીથી માંડીને ૭૫ વર્ષના વયોવૃદ્ધ દોડવીરો જોડાયા હતા. ઘ-૫ ઓપનએર થીયેટર ખાતે રાજ્યના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ સવારે ૬.૨૦ કલાકે ફ્લેગ બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ દોડમાં ગુજરાત રાજ્ય સહિત બીજા રાજ્યોના દોડવીરોએ પણ ભાગ લીધો હતો. શિયાળાની વહેલી સવારથી જ ગુલાબી ઠંડીમાં પણ દોડવીરોનો ઉત્સાહ છલકાતો નજરે પડ્યો હતો.

ગ્રીન ગાંધીનગર, ક્લીન ગાંધીનગર હવે તંદુરસ્તીમાં પણ શહેરનો અંક નોંધાવા જઈ રહ્યો છે. આજે પીત્ઝાના યુગમાં તેને પચાવવાના ઉપાયો પણ ખુબ જ જરૂરી છે. ત્યારે તંદુરસ્તી માટે ગાંધીનગરના સજાગ નાગરિકોએ હાફ મેરેથોનનો ઉમળકાભેર લાભ લીધો હતો.

સતત બીજા વર્ષે ગાંધીનગર રનર્સ ગૃપ દ્વારા આયોજીત હાફ મેરેથોન દોડમાં ૮૦૦થી વધુ દોડવીરોએ ૨૧ કિલોમીટરની દોડ લગાવી હતી. જ્યારે ૯૦૦થી વધુ દોડવીરોએ ૭ કી.મી.ની ડ્રીમ રનમાં ભાગ લીધો હતો. આ મેરેથોન દોડનું

● અનુસંધાન પાન-૭ પર

# પલ્સ પોલિયો અભિયાનમાં ગ્રામ્ય વિસ્તારમાં ૯૦ ટકા તો શહેરમાં ૭૨ ટકા બુથ કવરેજ

## ઠંડી અને પવનને કારણે અભિયાનનો ધીમી ગતિએ આરંભ પણ બપોર પછી ભારે ઘસારો : લગ્નસરા-ધાર્મિક પ્રસંગોનો લાભ ઉઠાવવામાં તંત્રને ભારે સફળતા મળી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનનો પ્રથમ રાઉન્ડ સફળ રહ્યો છે અને તેને કારણે તંત્રના અધિકારીઓ-કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.




ગ્રામ્ય વિસ્તારમાં અભિયાનના પ્રથમ રાઉન્ડમાં જ ૯૦ ટકા જેટલુ કવરેજ મળ્યું છે જ્યારે શહેરી વિસ્તારમાં પણ ૭૨ ટકા જેટલુ બુથ કવરેજ મળવા પામ્યુ છે.

આજે પલ્સ પોલિયો અભિયાનનો રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્ય આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો.

સવારે ઠંડી અને ઠંડા પવનને કારણે બાળકોને લઈ વાલીઓ ઓછા નીકળતા જણાયા હતા પરંતુ જેમ જેમ સૂરજની ગરમી વધતી હતી તેમ તેમ આ રસીકરણના કાર્યક્રમમાં વેગ આવ્યો હતો. બપોર પછી કામગીરી વધુ વેગીલી બની હતી.

ગાંધીનગર, કલોલ, માણસા અને દહેગામમાં લગ્નસરાની સિઝન તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનો

● અનુસંધાન પાન-૭ પર

# સોમવાર-મંગળવાર એમ બે દિવસ સરપંચોના સંમેલનની બોલબાલા રહેશે

ગાંધીનગર, તા. ૨૯

સોમવાર અને મંગળવાર એમ બન્ને દિવસ સુધી ગાંધીનગર શહેરમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવા ચૂંટાઈને આવેલા સરપંચો વ્યસ્ત રહેશે.

૩૦મીએ જિલ્લા પંચાયત દ્વારા ખાસ તાલિમ અને સન્માન સમારોહનું આખા દિવસનું આયોજન કર્યુ છે તો ૩૧મીએ સમાજ કલ્યાણ વિભાગ દ્વારા પણ સમાજકલ્યાણની યોજનાઓની અમલવારી અને સમજ અંગે અને મહિલા બાળ વિકાસ સમિતિ દ્વારા મહિલા સરપંચોના સંમેલનનું અલગ અલગ આયોજન કરવામાં આવ્યુ છે.

જિલ્લા પંચાયત દ્વારા આ સંમેલનોને લઈ આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સમરસ બનેલ પંચાયતોના સરપંચોને શાલ અને પ્રશસ્તિ પત્ર આપવાનું વિશેષ આયોજન ઉપરાંત ચૂંટાયેલા સરપંચોને પણ પ્રશસ્તિપત્ર તેમજ સન્માન આપવાનું આયોજન કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

આજે રજાનો દિવસ હોવા છતાં પંચાયતની વિવિધ શાખાઓ કાર્યરત રહી હતી. જિલ્લામાં નવા ચૂંટાયેલા સરપંચોને તાલિમની સન્માનનો સમારોહ

● અનુસંધાન પાન-૭ પર

# હવે શિક્ષકો અઠવાડિયામાં એક દિવસ ખાદી પહેરશે

## રાજ્ય સરકારના ઉમદા વિચારને રાજ્યના વિવિધ શિક્ષક સંઘો તરફથી વ્યાપક આવકાર

ગાંધીનગર, તા. ૨૯

મહાત્મા ગાંધીજીના ખાદી વિચાર અને ખાદી દ્વારા ગ્રામીણ અર્થતંત્રને પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુ સાથે, ૩૦મી જાન્યુઆરી મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિન નિમિત્તે તેમને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપવા શિક્ષણ વિભાગે ઉમદા વિચાર વ્યક્ત કર્યોછે. રાજ્યના શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા અધિકારી, કર્મચારીઓ, શિક્ષકો વગેરે અઠવાડિયામાં એક દિવસ ખાદી પહેરે તેવા રાજ્ય સરકારના ઉમદા વિચારને વ્યક્ત કરી શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા વિવિધ શિક્ષક સંઘોને અઠવાડિયામાં એક વખત ખાદી વસ્ત્ર પરિધાન કરવા અપીલ કરતા વિવિધ શિક્ષક સંઘો તરફથી તેને વ્યાપક આવકાર મળ્યો છે. રાજ્ય સરકારના આ વિચારને વધાવી લઈને વિવિધ શિક્ષક સંઘના હોદ્દેદારોએ તેમના સભ્યોને અઠવાડિયામાં એક વાર ખાદી વસ્ત્ર પરિધાન કરવા અપીલ કરી એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો છે કે મંડળ કે મહામંડળના સભ્યો અઠવાડિયામાં એકવાર ખાદી વસ્ત્ર પરિધાન કરીને મહાત્મા ગાંધીજીના ખાદી વિચારને મૂર્તિમંત કરી ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં ઉપયોગી ભૂમિકા નિભાવશે.

શિક્ષણ મંત્રીની અપીલને હૃદયપૂર્વક સ્વીકારી પોતાના સભ્યોને અઠવાડિયામાં એકવાર ખાદી વસ્ત્ર પરિધાન કરવા જે વિવિધ શિક્ષક સંઘોએ પોતાના સભ્યોને અપીલ કરી છે તેમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, ગુજરાત રાજ્ય વહીવટી કર્મચારી સંઘ અને બિન સરકારી ગ્રાન્ટેડ કારકૂન અને વહીવટી કર્મચારી સંઘનો સમાવેશ થાય છે. આ વિવિધ સંઘોનું પ્રતિનિધિત્વ કરતા પદાધિકારીઓ દિગ્વિજયસિંહ જાડેજા, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘના પંકજભાઈ પટેલ, માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, રમેશભાઈ પટેલ, આચાર્ય સંઘના પ્રવિણસિંહ સોલંકી, વહીવટી કર્મચારી સંઘના પ્રમુખ અજીતસિંહ સુરમાએ પોતાના સંઘના સભ્યોને અપીલ કરી અઠવાડિયામાં એકવાર ખાદી વસ્ત્ર પરિધાન કરવા આહવાન કર્યુ છે.

# પ્રદેશ કોંગ્રેસના માળખામાં ધરખમ ફેરફારો આવે છે

અમદાવાદ, તા. ૨૯

ગુજરાત કોંગ્રેસનું નવું માળખુ બે ત્રણ દિવસમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ગુજરાતમાં પ્રદેશ માળખાની સાથે સાથે અનેક શહેર અને જિલ્લા પ્રમુખ બદલાય તેવી શક્યતા દેખાઈ રહી છે. અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ ચેતન રાવલ પણ બદલાય તેવી શક્યતા છે. રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે હિતેષ વોરાનું નામ બોલાઈ રહ્યું છે. જ્યારે અમદાવાદ શહેર પ્રમુખ તરીકે શશીકાંત પટેલ અથવા તો અન્ય પાટીદાર આગેવાનને મુકવામાં આવશે. પ્રાપ્ત માહિતી મુજબ મોરબી કોંગ્રેસ પ્રમુખ બ્રિજેશ મેરજા પણ બદલાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વિશ્વસનીય સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ જુનાગઢ શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે કેપ્ટન સતિષ આહિરાનું નામ લગભગ નક્કી દેખાઈ રહ્યું છે. ગીર-સોમનાથમાં પણ નવા પ્રમુખ નિમાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સુરતમાં કોંગ્રેસના પ્રમુખ યથાવત રહે તેવી શક્યતા છે. પ્રદેશ માળખામાં પણ ધરખમ ફેરફારની સંભાવના છે. ચૂંટણી પ્રચાર સમિતિનું સુકાન સિદ્ધાર્થ પટેલને સોંપાશે. ટૂંક સમયમાં તમામ નિમણૂકની જાહેરાતની વકી છે.

# રાજ્ય કર્મચારી મહામંડળના હોદ્દેદારોને મુદ્દે વિવાદ

## બન્ને જૂથો વચ્ચે દાવા-પ્રતિદાવાઓ વચ્ચે કર્મચારી આલમમાં પણ સમગ્ર બાબતે ચર્ચા જગાવી

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના નવા હોદ્દેદારો અંગે સામસામે દાવા-પ્રતિદાવાઓ વચ્ચે કર્મચારીઆલમમાં સમગ્ર બાબતે ભારે ચર્ચાઓ જગાવી છે.

કર્મચારી મહામંડળના નવા હોદ્દેદારોને લઈ હવે ભાગલા પડે તેવી સ્થિતિનું પણ નિર્માણ થવાની દહેશત કેટલાક કર્મચારીઓ વ્યક્ત કરી રહ્યા છે. કર્મચારી મંડળની કચેરીને સિલ કરવા સુધીના પગલાં પણ લેવામાં આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

બન્ને જૂથો દ્વારા તેમની વરણી અંગેની જુદી જુદી વાતો પુરાવા સાથે કરવામાં આવી રહી છે.

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ તા. ૨૫-૧૦-૧૯૬૭થી સરકાર માન્ય સંસ્થા છે. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગની મંડળની મળેલ મંજૂરી મુજબ દર ૨ વર્ષે સામાન્ય સભા બોલાવી તેમાં મંડળના વિવિધ હોદ્દેદારોની વરણી કરવામાં આવે છે. જે અનુસાર તા. ૧૯-૪-૨૦૧૬ના રોજ મહામંડળની સામાન્ય સભા ગાંધીનગર ખાતે મળેલ જેમાં સર્વાનુમતે સને ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ એમ ૨ વર્ષ માટે મહામંડળના હોદ્દેદારોની બીનહરીફ વરણી કરવામાં આવેલ જેમાં પ્રમુખ તરીકે કાર્તિક ત્રિવેદી, મહામંત્રી તરીકે આર.એચ. પટેલ, સીનીયર ઉપ પ્રમુખ તરીકે એસ.એસ. પટેલ અને બહાદુરસિંહ ઝાલા તથા ખજાનચી તરીકે સંજય પટેલ એમ કુલ ૮૪ હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ જે અંગેની બહાલી સરકારશ્રીમાંથી મળેલ છે.

આમ મહામંડળ દ્વારા કર્મચારીઓના પ્રશ્ન બાબતે રજૂઆતો તથા તે અંગે ચર્ચા પરામર્શ કરી જરૂરી નિરાકરણ લાવતુ મહામંડળ છે. ગત તા. ૧૭-૧-૨૦૧૭ને સવારે મહામંડળના કાર્યાલયનું કોઈ બિન અધિકૃતો (બની બેઠેલ) દ્વારા તેનુ જૂથ હયાત

● અનુસંધાન પાન-૭ પર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ભી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com